

# પેરાલીગલ

## એન્વાયર્નમેન્ટ જસ્ટીસ

### કાર્ય માર્ગદર્શિકા

આવૃત્તિ ૨.૦

CENTRE FOR POLICY RESEARCH
NAMATI INNOVATIONS IN LEGAL EMPOWERMENT

સેન્ટર ફોર પોલીસી રીસર્ચ (સી.પી.આર.) – નમતી એન્વાયર્નમેન્ટ જસ્ટીસ પ્રોગ્રામ



પેરાલીગલ ટ્રેનીગ, ક્યોંઝર, ઓરીસ્સા

ડીસેમ્બર 2017

લેખન — મંજુ મેનન, મીનાક્ષી કપૂર, વિવેક મારુ, કાંચી કોહલી
સંપાદકીય અને વહીવટી સહાય — પ્રીતી શ્રી વેંકટરામ, સતનામ કૌર, ક્રીતીકા દીનેશ
ફોટોગ્રાફ — ઓબ્રે વેડ,ભરત પટેલ, કાંચી કોહલી, લલીત પાત્રા, મહાબલેશ્વર હેગડે,વિનોદ પાટગાર
ડીઝાઇન — વાણી સુબ્રમણ્યન
સહાય — આ કાર્ય ઇન્ટરનેશનલ ડેવલોપમેન્ટ રીસર્ચ સેન્ટર, ઓટાવા, કેનેડા દ્વારા નાણાકીય સહાયથી કરવામાં આવેલ છે.

આ સાહિત્યનું ભાષાંતર કરવા, વિતરણ કરવા કે વહેંચણી કરવા માટેની પરવાનગી છે.આપનાં દ્વારા પુનઃ મુદ્રણ, ભાષાંતર કે અહેવાલમાં નમતીને મુખ્ય સ્ત્રોત તરીકે દર્શાવવુ અને તેની નકલ નમતીને મોકલી આપવા અમારી વિનંતી છે. અમોને આપનાં સાહિત્યનું અન્ય વ્યવસાયીઓ સુધી વિસ્તરણ કરવાથી આનંદ અનુભવીશુ.

# વિષયક

## સેન્ટર ફોર પોલીસી રીસર્ચ (સી. પી.આર) - નમતી એન્વાયર્નમેન્ટ જસ્ટીસ પ્રોગ્રામ

સી.પી.આર.- નમતી નો એન્વાયર્નમેન્ટ જસ્ટીસ પ્રોગ્રામ એ પર્યાવરણીય નિયંત્રણોનાં અસરકારક અમલીકરણમાં રહેલ ખામીઓ દૂર કરવા માટેનો એક પ્રયત્ન છે. આ પ્રોગ્રામ હાલમાં ખૂબજ મજબુત કાયદાઓ છતા પણ તેનાં પાલનમાં ખૂબ જ નબળાઇ ધરાવતા દેશ ભારતમાં કાર્યરત છે. આ કાયદાઓનાં ઉલ્લંઘનો, અને અપાલનની આજુબાજુનાં પર્યાવરણ અને તેનાં પર નિર્ભર લોકોનાં જીવન અને આજીવિકા પર, તેવી જ રીતે દરેક નાગરીકનાં આરોગ્ય પર પણ ખૂબજ વાસ્તવીક અને ગહન અસર ઊભી કરે છે. આ પ્રોગ્રામ કાયદાનાં અપાલનનાં કેસ જવાબદાર સરકારી એજન્સીઓ તેમજ સંસ્થાઓનાં ધ્યાનમાં લાવીને પર્યાવરણીય અસરનાં ઉકેલો મેળવવા માટે કાર્યરત રહે છે. પર્યાવરણીય કાયદાઓનાં પાલનની સ્થિતીને માપવા માટે આ બધા કેસનાં ડેટાનું એકત્રીકરણ પણ કરવામાં આવે છે.આ ડેટાનો ઉપયોગ પર્યાવરણીય કાયદાઓ, પોલીસી અને સંસ્થાઓનાં સુધારાઓ બાબતે સલાહ આપવા માટે કરવામાં આવે છે.

## પ્રોગ્રામનાં હેતુઓ

1. પર્યાવરણીય અનુપાલન માં સુધારો લાવવો.
2. અસરગ્રસ્ત સમુદાય માટે અસરકારક ઉપાયો લાવવા.
3. જટીલ ઇકોસીસ્ટમનાં સંરક્ષણ માટે મજબૂત સંસ્થાકીય મદદ.

# વિષય વસ્તુ


## ભાગ 1

સમુદાયીક પેરાલીગલ એટલે કોણ? 02
સમુદાયીક પેરાલીગલનાં ફાયદાઓ 04

## ભાગ 2

પર્યાવરણીય ન્યાય કાર્ય માટે સમુદાય પેરાલીગલ શું કરે છે? 05
કેસથી નિતી સુધી 09

## ભાગ 3

પેરાલીગલ પર્યાવરણીય ન્યાય લક્ષી કેસને કેવી રીતે ઉકેલે છે? 12

3.1 કેસ પસંદગી અને ઓળખ કરવી 14
અસરગ્રસ્ત લોકો અને સક્રિય અસીલ/સામુદાયીક સહભાગીદારની ઓળખ કરવી 15
ભૂતકાળમાં કરવામાં આવેલા પ્રયાસો અંગે માહિતી મેળવવી 17
પ્રોબ્લેમ સ્ટેટમેન્ટ ઘડવુ 18

3.2 કેસ દસ્તાવેજીકરણ 21
કેસ ટ્રેકીગ ફોર્મ 22
પેરાલીગલ કાર્ય નોંધ 24
કેસ ફાઇલ 24
સાવચેતીઓ !

3.3 કેસ વિશ્લેષણ અને કાર્યવાહી 26
કેસ વિશ્લેષણ 27
કેસનાં ઉકેલ માટેની વ્યૂહરચનાઓ 28
- કાયદા વિષયક જાગૃતિ 29
- માહિતી એકત્રીકરણ અને પુરાવાઓ ઉભા કરવા 30
- વિચારશીલ ચર્ચાઓ 31
- સત્તાઓ અને સંસ્થાઓનો સંપર્ક સાધવો 32
- સંસ્થાકીય સહયોગીઓની ઓળખ 33
- અરજી/ફરિયાદ લેખન 34
- સ્થાનિક પ્રચારમાધ્યમોમાં અહેવાલ 35
- મધ્યસ્થી 36
સાવચેતી ! 37

3.4 કેસ રીપોર્ટીંગ 40
પ્રારંભીક
ઇતીહાસ 41
ઉકેલ
પદ્ધતિ
ફાયદાઓ

## ભાગ 4

કાયદાકીય સશક્તિકરણ દ્વારા પેરાલીગલ પ્રોગ્રામ સુયોજન 42

4.1 પેરાલીગલ પસંદગી 44
- નોકરીની જાહેરાત 45
- તારવણી (શોર્ટ લીસ્ટીગ)
- કસોટી અને રૂબરૂ મુલાકાત
- તાલીમ 46

4.3 નિરીક્ષણ અને સહયોગ 47
- સાપ્તાહીક અહેવાલ
- માસિક મિટીગ 48
- સંશોધન સહયોગ 50
- સહયોગીઓ અને એસોસીએશનનું નિર્માણ કરવું 52
- મૂલ્યાંકન 53

## એનેક્ષર

નિતીગત ભલામણ પત્રનો નમૂનો 58
ફરિયાદ પત્રનો નમૂનો 62
પેરાલીગલ તાલીમ માટેનાં એજન્ડાનો નમૂનો 64

# સંક્ષિપ્ત શબ્દો



**સી.પી.આર :** સેન્ટર ફોર પોલીસી રીસર્ચ

**સી.આર.ઝેડ. :** કોસ્ટલ રેગ્યુલેશન ઝોન

**ઇ.આઇ.એ. :** એન્વાયર્નમેન્ટ ઇમ્પેક્ટ એસેસમેન્ટ

**એફ.એ.ક્યુ :** સતત પુછાયેલા પ્રશ્નો

**જી.પી.એસ. :** ગ્લોબલ પોજીશનીગ સીસ્ટમ

**એન.ડી.ઝેડ. :** નો ડેવલોપમેન્ટ ઝોન

**એન.જી.ઓ. :** બિન સરકારી સંસ્થા

**આર.ટી.આઇ. :** માહિતી નો અધિકાર



# ભાગ 1

## સમુદાયીક પેરાલીગલ એટલે કોણ ?

**સમુદાય પેરાલીગલ મુળ સ્તરીય કાયદાકીય વકીલ અથવા તો ઉઘાડપગા વકીલ તરીકે પણ ઓળખવામાં આવે છે, એવા વ્યક્તિ કે જે મુળભૂત કાયદાઓ, કાયદાકીય પ્રક્રીયાઓ અંગે તાલીમબદ્ધ હોય તેમજ મધ્યસ્થી, વાટાઘાટો, શિક્ષણ અને વકિલાત વગેરે જેવી આવડતોમાં પણ તાલીમ પામેલ હોય**

પેરાલીગલ ન્યાયીક સમસ્યાઓ નો ઉકેલ મેળવવા કાયદાનાં જ્ઞાન, કૂશળતાઓ અને સ્થાનિક બાબતેની સમજ ને સાંકળીને કાયદાનાં ઉપયોગમાં અસરગ્રસ્ત સમુદાયનું સશક્તિકરણ કરે છે. તેઓ સમુદાયોને ઉપલબ્ધ કાયદાઓ અંતર્ગત અન્યાય અંગેનાં પુરાવાઓ એકત્રીત કરવામાં તેમજ તેને નાગરિકોને જવાદેય સંસ્થાઓ સામે રજુ કરવામા અને અરજ કરવામાં મદદરૂપ થાય છે. તેઓ લાંબી, દૂરની, અને ખર્ચાળ મુકદ્દમાઓની પ્રક્રીયાનાં બદલે તાત્કાલીક વહિવટી પગલાઓ લેવાય તેનાં પર કેન્દ્રીત રહે છે. તેઓ અસરગ્રસ્ત સમુદાયો માટે ન્યાયીક સેવાની “પ્રાથમીક હરોળ” સમાન છે-તેઓ સુલભ, પોષાય તેવા અને ન્યાય મેળવવા માટેનો ત્વરીત રાહ છે.

તેમના સરકારી સંસ્થાઓ પરનાં લક્ષ સાથે તેઓ વિશાળ અમલદારશાહીને સર્જનાત્મક રીતે તેમજ સમય મર્યાદામાં નાગરિકોની સમસ્યાનાં ઉકેલ મેળવવામાં કાર્યરત કરવામાં પણ ઉપયોગી થાય છે. અસરગ્રસ્ત સમુદાયો અને સરકાર વચ્ચે ઉકેલ ની રૂપરેખા તૈયાર કરવા માટે સમન્વય ઊભુ કરીને, સત્તામાં લોકભાગીદારીનાં મૂળ ફાયદાઓને તારવે છે. નિયંત્રક અને કાયદાકીય સંસ્થાઓનાં નિર્માણ પર તેમજ ન્યાય બાબતે પદ્ધતિસર અને કાયમી ઉકેલ ની સુદ્રઢતા પર કેન્દ્રીત છે.

પેરાલીગલ સામુહીક અભિગમ પણ અપનાવી શકે છે, શ્રેણીબધ્ધ ન્યાયની જરૂરીયાતો પર પણ ધ્યાન આપી શકે છે, તેમજ ચોક્કસ સમસ્યાઓ જેવી કે ઘરેલુ હીસા, સરકારી કલ્યાણકારી યોજનાઓનાં લાભ મેળવવાની બાબતે પણ કામ કરી શકે છે. પેરાલીગલ પોતાનાં ઉપયોગ માટે બનાવેલી ઓફીસમાં બેસીને પણ કાર્ય કરી શકે છે, કે સેવા લક્ષી સંસ્થાઓ કે જેઓ કાયદાકીય સહાય, કૃષી લક્ષી સહાય અથવા લઘુ ધીરાણ પર કામ કરતા  હોય તેનાં કાર્યાલયોમાં પણ રોકવામાં આવેલા હોય છે.

## સમુદાયીક પેરાલીગલનાં ફાયદાઓ

પેરાલીગલ વહીવટી એજન્સીઓને નાગરીક, પર્યાવરણીય, સામાજીક અને આર્થીક અધિકારો સાથે સંકળાયેલા કાયદાઓનાં અમલીકરણ માટે કાર્યરત કરી શકે છે. સમુદાય-પેરાલીગલનાં સમાવેશ સાથેની ન્યાયીક સેવા પદ્ધતિનાં કેટલાક મુખ્ય ફાયદાઓ નીચે મુજબનાં છે.

### ભોગ બનનારા પરિવર્તન પ્રણેતા બને છે

અસરગ્રસ્ત સમુદાયોનું કાયદાકીય સશક્તિકરણ થાય છે તેમજ તેનાં જીવનને અસર કરતા પરિણામો પર પ્રભૂત્વ ઉભુ કરવાની ક્ષમતા પણ સશકત થાય છે

### સમુદાયો માટે ઉકેલ

માત્ર વ્યક્તિગત જ નહી પરંતુ સમગ્ર અસરગ્રસ્ત સમુદાયો માટે ઉકેલ શોધી શકે છે.

### સમયસર કાયદાકીય ઉકેલ

વિરોધ વિનાની પદ્ધતિઓ અને સર્જનાત્મક ઉપાયો દ્વારા કાયદાકીય સમસ્યાઓનું કોર્ટ કરતા વધારે ગતીથી ઉકેલ મેળવી શકાય

### સસ્તા ઉકેલો

બંધારણીય ન્યાયીક સેવાઓ કરતા વધારે સસ્તુ અને પ્રાપ્ય થઇ શકે છે.

### નિર્ણાયક જોડાણ

અસર ગ્રસ્ત સમુદાયો અને ઔપચારીક/અનૌપચારીક સંસ્થાનો તેમજ અન્ય સેવા આપનારાઓ જેવા કે વકીલ વચ્ચે એક મજબુત જોડાણ તરીકે કાર્ય કરે છે.

### સામુદાયીક અનુસંધાનને આકાર આપવો

કાયદા તરફનાં સામુદાયીક અભિગમની રચના કે પુનઃરચના કરશે તેમજ લોકો તેમનાં માટે લોક સંવેદનાઓ ઉભી કરવા માટે મદદરૂપ થશે.





# ભાગ 2

## પર્યાવરણીય ન્યાય કાર્ય માટે સમુદાય પેરાલીગલ શું કરે છે?

## પર્યાવરણીય ન્યાય એ વિકાસમાં ભેદભાવ, પર્યાવરણીય કાયદાઓનાં અમલીકરણ અને અમલ વારી, નિયંત્રણ અને નીતિ તેમજ અન્ય કાયદાઓ કે જે પર્યાવરણ, આરોગ્ય અને આજીવિકા ની સ્થિતી પર અસરો ઉભી કરી શકે તેમાંથી કોઇ પણ હોય તેનાં માટે ઉચ્ચીત સારવાર અને અર્થપૂર્વકની સહભાગીતા છે.

પર્યાવરણીય ન્યાય એ માત્ર પર્યારણીય રક્ષણ અને સંરક્ષણ સાથે જ નિસ્બત ધરાવતો નથી પરંતુ તેનાંથી વધારે મહત્વપૂર્ણ રીતે સંરક્ષણનાં ફાયદાઓની અને પ્રદૂષણનાં બોજાઓ તેમજ અન્ય પર્યાવરણીય સમસ્યાઓની વહેંચણી સાથે સંબંધ ધરાવે છે. જ્યારે આ ફાયદાઓ કે બોજાઓની અસમાન વહેંચણી થાય છે ત્યારે કોઇ એક જુથ અન્યો કરતા વધારે અસુરક્ષીત બને છે. તેમની જીંદગી ની કીમત અન્ય લોકો કરતા ઓછી આંકવમાં આવે છે અને સમાજ દ્વારા તેઓને વધારે વિસ્તૃત માનવામાં આવે છે.

જેઓ પર્યાવરણીય સમસ્યાઓનાં બોજા તળે હોય અથવા તો જેઓ પર્યાવરણીય અસર નાં કારણ બનનારા નિર્ણયોની કીમત ચૂકવતા હોય તેવા લોકોને પર્યાવરણીય ન્યાય માટે મદદ એ સમુદાય પેરાલીગલનું લક્ષ છે. તેઓ પર્યાવરણીય અસરો ઘટાડવા,વસવાટ અને કાર્ય સ્થિતીમાં સુધારો લાવવા અને તેવી જ રીતે તેમની આજીવિકાનાં રક્ષણ માટેનાં નિયંત્રકોને સમજવા, ઉપયોગ કરવા અને રચના કરવા માટે અસરગ્રસ્ત સમુદાયોને મદદરૂપ થાય છે. ઔધોગીક પ્રદેશોમાં "આ પેરાલીગલ સરકાર અને ઉધોગોને કાયદાનાં નિયમોને જવાબદાર રાખવા, પર્યાવરણીય રક્ષણ અને સામાજીક ન્યાય સાથે કામ કરે છે". પર્યાવરણીય ન્યાય પેરાલીગલ કાયદાનાં ઉપયોગ કરવા, જાણવા અને રચના કરવા માટે સમુદાયોને મદદ કરે છે.

કાયદાને
જાણવો
ઉપયોગ
નિર્માણ



તેમનાં કેસ માટે કાયદાઓનો અભ્યાસ કરતા પેરાલીગલ, મ્યાનમાર



પેરાલીગલ, સામુદાયીક ભાગીદારો અને સંશોધન કર્તા દ્વારા કેસની ચર્ચા, ગુજરાત

### કાયદાને જાણવો

પેરાલીગલ સમુદાયને પર્યાવરણીય કાયદાનાં ઉપયોગ અને નિયમનકારી પ્રક્રીયા અંગેની તાલીમ આપે છે. તેવી સમજ સાથે કે જે સમુદાય પર્યાવરણીય કાયદાઓ અને બંધારણીય સમાધાનો જાણે છે તે તેમનાં સ્વચ્છ હવા, પાણી, ખોરાક, કામ અને જીવનનાં અધિકારો અંગે કવાયત કરવા માટે સક્ષમ બને છે. તેઓ એવા ઉધોગો કે જેઓ જમીન ઉપયોગમાં ફેરફાર અને કુદરતી સ્ત્રોતો નિકાલ કરવામાં સામેલ હોય તેવા ઉધોગો અંગેની સરકારની નિર્ણય પ્રક્રીયામાં ભાગીદાર થવા માટેનાં તેમનાં અધિકાર માટેની કવાયત કરવા માટે સક્ષમ બને છે. પોતાનાં અધિકારોની કવાયતની સાથે તેઓ સરકાર અને અન્ય પક્ષો, જેવા કે ઉધોગો ને તેઓની પર્યાવરણ રક્ષણ અને સામાજીક ન્યાય તરફની જવાબદારીઓ,વાયદાઓ પ્રત્યે ઉત્તરદાયી બનાવવાનાં સર્જનાત્મક રસ્તાઓ શોધી શકે છે.

### કાયદાનો ઉપયોગ

પેરાલીગલ સમુદાય કે વ્યક્ગિત (સામુદાયીક ભાગીદાર કે અસીલ સમજવુ) રીતે આવેલી જંગલ, ખેતીવાડી, જળ સ્ત્રોત કે માછીમારી સ્થળ પર અસર ઊભી થવા અંગેની ફરિયાદનાં આધાર પર પર્યાવરણીય કે અન્ય નિયમનોનાં અપાલન કે ઉલ્લંઘન સાથેનાં સંબંધની તપાસ કરશે.અને તેને જવાબદાર સરકારી એજન્સીઓ કે સંસ્થાઓ કે જે પર્યાવરણનાં રક્ષણ માટે મહત્વતા ધરાવતી હોય અથવા તો જેમની પાસે સમાજ કલ્યાણ અને ન્યાયનું વહીવટી અધિકારક્ષેત્ર હોય તેમનાં ધ્યાન પર લાવવામાં આવે છે.અમલીકરણ અને અસરકારક ઉકેલો મેળવવાની કાયદાકીય પ્રક્રીયા અમલમાં લાવી માત્ર સમુદાય અને સરકારને જ નજીક નથી લાવતા પરંતુ સાથે પર્યાવરણ, અસરગ્રસ્ત સમુદાયો અને તેઓની આજીવિકાને રક્ષણ આપતા કાયદાઓને પણ જીવનનો ભાગ બનાવે છે.

## કાયદાનું નિર્માણ

પેરાલીગલ તેમજ સમુદાયો દ્વારા કરવામાં આવેલ કેસ-કાર્યનું અનુસરણ અને આંકલન ખૂબ જ કાળજી પૂર્વક કરવામાં આવે છે. દરેક કેસનાં ડેટા એકત્રીત કરવામાં આવે છે અને તેનો ઉપયોગ કાયદાઓમાં, નિતી, પ્રક્રીયાઓ અને સંસ્થાકીય માળખાઓમાં પુરાવાઓ આધારીત સુધારાઓ કરવા માટે કરવામાં આવે છે. એવા કેસમાં કે જ્યાં કોઇ ચોક્કસ પ્રકારની પ્રવૃત્તિનાં કારણે અસર ઊભી થતી હોય અને તેનાં ઉકેલ કે સમાધાન માટે કોઇ કાયદો ઉપલબ્ધ ના હોય તેવી બાબતમાં નવા કાયદા કે માર્ગદર્શિકા બનાવવા માટે સૂચવવા કે ભલામણ કરવા માટે તેને સંલગ્ન કેસનાં ડેટાનો ઉપયોગ કરવામાં આવે છે. આ ઉદ્દેશ્યમાં અસર ગ્રસ્ત સમુદાયોએ ભોગવવી પડતી સમસ્યાઓ સામે લડવા માટે વહીવટી કે પર્યાવરણીય કાયદાઓનાં સુગઠન માટે ડેટા એકત્રીકરણ કરવા સાથે પેરાલીગલ એક સંશોધન કર્તાનું પાત્ર ભજવે છે.

આ કેસ ડેટાનો ઉપયોગ કાયદાઓ અને સંસ્થાકીય વ્યવહારોમાં પદ્ધતિસરનાં સુધારાઓ માટે પુરાવાઓ આધારીત પ્રસ્તાવ ઘડવામાં કરવામાં આવે છે. સહાયક ટીમ ડેટાબેઝ વ્યવસ્થાપન કરી નિયમીત રીતે પેરાલીગલને તેમનાં કામ અંગે અહેવાલ અને પ્રતિભાવો આપવામાં, પેરાલીગલનાં અનુભવોનું દસ્તાવેજીકરણ કરવામાં તેમજ કાયદાકીય સંશોધનાત્મક સહયોગ અને અન્ય જરૂરી મદદ કરવામાં કાર્યરત રહે છે. સામુદાયીક સહયોગી, પેરાલીગલ અને સહયોગી ટીમ સાથે મળીને તેમનાં અનુભવો, એકત્રીત કરેલા ડેટા અને તેમના ઉત્તમ નિતીઓ / અમલી કરણ તંત્ર સાથેનાં જોડાણનાં આધારે નિતીગત નિવેદનો ઘડે છે.


ಚಿಪ್ಪೆಕಲ್ಲು ಆರಿಸುವವರನ್ನೂ ಮೀನುಗಾರರೆಂದು ಪರಿಗಣಿಸಿ

અગણાશીની છીપલા સંગ્રહકોનાં જુથ દ્વારા કારવાર જીલ્લા કલેક્ટરને તેઓને માછીમાર યોજનાઓમાં સમાવવા માટેની માંગણી સાથેનું આવેદન પત્ર રજુ કરવા અંગેનો સમાચારપત્ર અહેવાલ-કર્ણાટક


હવા પ્રદૂષણનું કારણ બનનાર બોક્સાઇટનો ખુલ્લો ઢગલો-ઓખા, ગુજરાત

કેસથી નિતી સુધી

## ખનીજ કારભાર માર્ગદર્શિકા- ગુજરાત

પશ્ચિમ ભારતનાં ગુજરતા રાજ્યનાં દરિયા કીનારા પર પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા પરવાનગી પામેલા ઘણા બધા પોર્ટ આવેલા છે જે કોલસો, બોક્સાઇટ અને લાઇમ સ્ટોનનાં સમાવેશ સાથે ઘણા બધા ખનીજોનો કારભાર કરે છે. આ સ્થળોની આસપાસ વસવાટ કરતા સમુદાયોની ફરિયાદ છે કે આ સ્થળોથી રજકણોનાં કારણે તેમનાં જીવન,આરોગ્ય અને કૃષી પર અસરો ઊભી થઇ રહી છે. જ્યારે પેરાલીગલ દ્વારા અસરગ્રસ્ત સમુદાયો સાથે કામ કરતા સમજવાનો પ્રયાસ કર્યો કે શું પરવાનગી પામેલા આ ખનીજ કારભાર કરતા પોર્ટની પરવાનગીમાં કોઇ એવી શરત છે કે જેનું ઉલ્લંઘન થઇ રહ્યુ છે? ત્યારે માહિતગાર થયા કે સહમતી પત્રમાં માત્ર કોલસાનાં કારભાર અંગે જ સુરક્ષાત્મક બાબતોનો સમાવેશ કરવામાં આવેલ છે. અન્ય ખનીજો જે આ સ્થળ પર સંગ્રહ કરવામાં આવે છે કે તેનું પરિવહન કરવામાં આવે છે તેને રજકણ ઉત્સર્જન રોકવા માટેનાં કોઇ પણ માપદંડ દ્વારા આવરવામાં કે નિયંત્રીત કરવામાં આવેલ નથી . ઉપર મુજબની સમસ્યા સાથે પેરાલીગલ તેમજ સામુદાયીક સહભાગીદારો દ્વારા લગભગ ૧૦ જેટલા પોર્ટની ઓળખ કરવામાં આવેલી. જ્યારે કોલસાનાં કારભાર માટે માર્ગદર્શિકા ઉપલબ્ધ છે પરંતુ અન્ય ખનીજો નીતિ ઘડતરમાંથી તેમજ પરિયોજનાની પરવાનગી સમયે પણ ચૂકી જવામાં આવેલા. આ પેરાલીગલ અને સામુદાયીક સહભાગીદારો દ્વારા એકત્રીત કરવામાં આવેલા પુરાવાઓનાં આધાર પર આ ત્રુટીને સુધારવા માટે પોર્ટને આપેલ દરેક પરવાનગી પત્રની સમિક્ષા કરવા માટે રાજ્ય સરકારને એક રજુઆત કરવામાં આવી. રાજ્યમાં પોર્ટ, ઉદ્યોગો, પાવર પ્લાન્ટસ સાથે વિવિધ કામગીરીઓમાં દરેક પ્રકારનાં ખનીજોનાં સંગ્રહ, કારભાર, અને પરિવહન માટે મીનરલ હેન્ડલીગ ગાઇડલાઇન બનાવવાની વિનંતી સાથે સરકારને એક સ્વતંત્ર પત્ર પણ મોકલવામાં આવેલ. આ બન્ને રજુઆતોમાં કેસ સ્તરીય ડેટા અને કાનૂનિ જોગવાઇઓને આવરવામાં આવેલ, જે સરકારને નવી નિતી બનાવવા માટેની સત્તા આપે છે. ચોક્કસ ભલામણો લખવા માટે વૈજ્ઞાનિક પત્રોમાંનાં સંશોધનોમાંથી પણ તારવવામાં આવેલા. *રાજ્ય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડને રજુ કરવામાં આવેલ પત્ર માટે જુઓ- એનેક્ષર-૧.*





ઉત્તર કન્નડા, કર્ણાટકમાં પેરાલીગલ સરકાર દ્વારા પરવાનગી પ્રાપ્ય યોજનાઓમાં સમાવિષ્ટ કાયદાકીય ઉલ્લંઘનોને સમજવા માટે પારિસ્થિતીકીય રીતે ફળદ્રુપ, પારિસ્થિતીકીય રીતે ઉત્પાદકીય ભુ પૃષ્ઠ પર આધારીત સમુદાયોને સહાય કરી રહ્યા છે.

વાપી ગુજરાતમાં પેરાલીગલ સમાધાન મેળવવા અને દીર્ઘકાલીન પ્રદૂષણ સામે લડવા માટે રાજ્ય સરકાર દ્વારા માન્ય કરવામાં આવેલ કાર્યલક્ષી કાર્યક્રમનાં અમલીકરણ માટે અસરગ્રસ્ત સ્થાનિક રહેવાસીઓને સહાય કરે છે.



# ભાગ 3

## પેરાલીગલ પર્યાવરણીય ન્યાય લક્ષી કેસને કેવી રીતે ઉકેલે છે?

**પર્યાવરણીય ન્યાયીક સમસ્યાથી પીડાતા લોકો આવા કેસ પેરાલીગલ પાસે લઇને આવે છે. પેરાલીગલ તે/તેણીનાં કાયદાકીય જ્ઞાન અને ઉકેલ આપી શકતી સંસ્થાઓ અંગેની માહિતીનો ઉપયોગ કરીને આ કેસને ઉકેલવામાં મદદરૂપ થાય છે. તેમજ પેરાલીગલ અસરગ્રસ્ત લોકોને સંલગ્ન પુરાવાઓ અને સર્જનાત્મક તેમજ કાયદાકીય રીતે સ્વિકૃત થઇ શકે તેવા ઉપાયો સાથે જવાબદાર સંસ્થાઓનો સંપર્ક સાધવા માટે પણ માર્ગદર્શન કરે છે.**

કેસનાં ઉકેલમાં ચાર આવશ્યક કાર્ય સામેલ છે. દસ્તાવેજીકરણ કે જે સમગ્ર પ્રક્રીયા દરમ્યાન સતત થતુ રહે છે તેનાં સિવાય તેમને આપ્રક્રીયાનાં પગલાઓ તરીકે પણ જોઇ શકાય છે.

**ક્રમ**

1. **પસંદગી અને ઓળખ કરવી**
2. **દસ્તાવેજીકરણ**
3. **વિશ્લેષણ અને કાર્યવાહી**
4. **અહેવાલ અને દેખરેખ**



# 3.1 કેસ પસંદગી અને ઓળખ કરવી

**અસરગ્રસ્ત લોકો દ્વારા કેસ પેરાલીગલ સામે લાવવામાં આવે છે. પ્રદેશથી સારી રીતે માહિતગાર પેરાલીગલ દ્વારા પણ કેસની પસંદગી કરવામાં આવે છે.**

કેસ કઇ બાબત અંગેનો છે તેની ઓળખનાં આધાર પર તેના પર કામ કરવાની પ્રાથમીકતા નક્કી કરવામાં આવે છે. પર્યાવરણીય કેસ અસરનાં ઘણા બધા કારણો અને સ્ત્રોત હોવા અને બહોળો વિસ્તાર કે અસરગ્રસ્ત લોકોની બહોળી સંખ્યા, અને સમુદાયો પર અને સમયાંતરે અલગ અલગ અસરો ઉભી થવાની સાથે લાક્ષણીક રીતે જ ગૂંચવણભર્યા હોય છે. જો પેરાલીગલ દ્વારા કેસની ઓળખ કરવા અંગેની માહિતી સંપૂર્ણ રીતે એકત્રીત કરવામાં આવી ના હોય તો આ કેસ પર કામ કરવુ કે તેને સમજવુ સરળ નથી.

1. અસરગ્રસ્ત લોકોનું સમુહ અને તેમનાં પર થઇ રહેલ અસરોની ઓળખ કરવી.
2. અસરગ્રસ્તો દ્વારા અસરનું સમાધાન મેળવવા માટે ભૂતકાળમાં કરવામાં આવેલ પ્રયાસો અંગેની માહિતી એકત્ર કરવી.
3. કાયદાકીય સંલગ્નતા, અને સમસ્યાનાં સ્ત્રોત / કારણ માટે જવાબદારની ઓળખ કરીને પ્રોબ્લેમ સ્ટેટમેન્ટ ઘડવુ.



## અસરગ્રસ્ત લોકો અને સક્રિય અસીલ / સામુદાયીક સહભાગી દારની ઓળખ કરવી

### સમસ્યાની જાણકારી થવી

કેસ સામાન્ય રીતે સમસ્યાથી અસરગ્રસ્ત લોકોનાં સમૂહ કે વ્યક્તિગત દ્વારા પેરાલીગલ સમક્ષ લાવવામાં આવે છે. તેમનાં દ્વારા સમસ્યાનાં વર્ણનનાં આધાર પર પેરાલીગલ એવી માહિતી કાઢવા માટેની તપાસ કરે છે કે જે તેને/ તેણીને જણાવવામાં આવેલી સમસ્યાનાં ગર્ભીત સમસ્યા કે કારણોની ઓળખ કરવામાં મદદરૂપ થાય. પેરાલીગલ આ સમસ્યાનાં સંદર્ભમાં અધિકારીક દસ્તાવેજ, સમાચારપત્ર અહેવાલ અને અન્ય ઉપલબ્ધ સામગ્રીનું વાંચન કરે છે.

### અસરગ્રસ્ત લોકોની ઓળખ કરવી

પેરાલીગલ સમસ્યાનાં સ્થળની મૂલાકાત કરે છે અને સમસ્યાથી પ્રભાવીત વિવિધ ક્ષેત્રોની ભાળ મેળવે છે. તેનાં માટે પેરાલીગલ મહીલાઓ, યુવાનો, વિવિધ જ્ઞાતીનાં સભ્યો,આદીવાસી સમૂહ, અને વિવિધ રોજગાર સમૂહો જેવા કે માછીમાર, ખેડૂતો, અને વન નિવાસીઓ જેવા વિવિધ લોકસમૂહો સાથે ચર્ચા કરે છે. જે પેરાલીગલને વિવિધ દ્રષ્ટિકોણથી સમસ્યાને સમજવામાં મદદરૂપ થાય છે.

### પ્રભાવનું આંકલન કરવુ

પેરાલીગલ સમસ્યાનો ઉકેલ થવાથી લાભ મેળવનારા અસરગ્રસ્તા લોકો કે લાભાર્થીઓની સંખ્યાનું આંકલન કરે છે. આ ગણતરી જટીલ છે દા.ત. નદી પ્રદૂષણ સામાન્ય રીતે સ્ત્રોતથી નીચાણમાં વસવાટ કરતી સમગ્ર વસ્તી પર અસર કરે છે. આનું અંદાજીત આંકલન કરવુ મદદરૂપ થાય છે. આ અતિ મહત્વનું છે ખાસ કરીને જ્યારે ઉકેલ વ્યક્તિગત કે એક પરિવારનાં સંદર્ભમાં હોય જેમ કે, પ્રદૂષણની અસર માટે વળતર મેળવવુ. અમૂક કેસમાં આંકડાઓને પ્રત્યક્ષ રીતે અસરગ્રસ્ત કે પરોક્ષ રીતે અસરગ્રસ્ત,જેઓ અસરગ્રસ્ત છે, જેઓ સંભવિત અસરગ્રસ્તો છે અને જેઓ અસરગ્રસ્ત થવાનાં જ છે એવી રીતે વિભાજીત કરવામાં આવે છે.

### સક્રીય અસીલ / સામુદાયીક સહભાગીદારો તૈયાર કરવા

પેરાલીગલ સમસ્ત અસરગ્રસ્ત પક્ષો સાથે વાત કરે છે અને તેમાંથી કેસનાં ઉકેલ માટે કોણ પેરાલીગલની સાથે સક્રીય રીતે કામ કરવાની ઇચ્છા ધરાવે છે તેની ઓળખ કરે છે.આ સમૂહ સામુદાયીક સહભાગીદાર અથવા અસીલ તરીકે ઓળખાય છે. સહભાગીદાર કે અસીલ સમસ્યાથી અસરગ્રસ્ત લોકોની વિવિધતા, ખાસ કરીને મહીલા, જ્ઞાતી/સામુદાયીક સમૂહ અને રોજગારલક્ષી સમૂહોનું પ્રતિનીધીત્વ કરતા હોય તે ઉત્તમ છે.

# કુમટામાં કચરાનો નિકાલ



કચરાનો ઢગલો, કુમટા, કર્ણાટક

## અસરગ્રસ્ત લોકો અને સામુદાયીક સહભાગીદારોની ઓળખ કરવી

ઉત્તર કર્ણાટકામાં કુમટા નગરપાલીકા દ્વારા એકત્રીત કરવામાં આવેલ કચરો મુરુર ટેકરીની ઉપર ઠાલવવામાં આવે છે. ત્રણ ગામડાઓ આ ટેકરીની ખૂબ જ નજીક આવેલા છે અને લગભગ ૫૦ જેટલા પરિવારો આ ઢગલામાંથી ઉત્પન્ન થતી દૂર્ગંધ સાથે જીવી રહ્યા છે.આ ઢગલામાંનો કચરો હવા અને વહેતા પ્રવાહમાં આજુબાજુનાં ગામની નજીક લઈ જાય છે. જો આ સમસ્યાને રોકવામાં નહી આવે તો કચરાનો બોજ વધતો જશે અને સંભવત: વધારાનાં ગામોનાં ૨૦૦ પરિવારોને અસર કરશે. ચોમાસામાં આ કચરાનાં ઢગલામાંથી પાણી વહીને ટેકરીનાં નીચાણમાં આવેલા દરેક કુવાઓ સુધી પહોંચે છે. ટેકરીથી સૌથી નજીકનાં ત્રણ ગામનાં 30 જેટલા લોકોએ પેરાલીગલ સાથે મળીને નગરપાલીકાને ટેકરી પર કચરો ઠાલવવાથી રોકવા અને પ્રદેશનાં ગ્રામ્ય વિસ્તારમાં કચરાનાં નિકાલ અંગે લાંબાગાળાનાં ઉકેલ લાવવા માટે પ્રયાસ કરવામાં આવેલો. આ કેસમાં 30 અસરગ્રસ્ત લોકો સામુદાયીક સહભાગીદાર તરીકે નગરપાલીકાને ટેકરી પર કચરો ઠાલવવાથી અટકાવવા માટે પેરાલીગલ સાથે કાર્યરત છે. ૫૦ પરિવાર જે સૌથી વધારે નજીક વસવાટ કરે છે તે અસરગ્રસ્ત છે જો સમસ્યાને રોકવામાં નહી આવે તો અન્ય ગ્રામોનાં ૨૦૦ પરિવાર અસરગ્રસ્ત બનશે.

## ભૂતકાળમાં કરવામાં આવેલા પ્રયાસો અંગે માહિતી મેળવવી

જેનાં પર પેરાલીગલ કામ કરે છે તેમાની મોટાભાગની પર્યાવરણીય ન્યાયની સમસ્યાઓ જુની છે તેમજ ઘણા વર્ષોથી રહેલી છે. આ સમયગાળાથી અસરગ્રસ્ત સમુદાયો સમસ્યાનાં ઉકેલ માટે ઘણા બધા પ્રયાસો કરેલા હશે. આ પ્રયાસોમાં મુખ્યત્વે પ્રદેશનાં વડાને મૌખીક રજુઆત, સ્થાનિક રાજકીય નેતાની મદદ, કંપની કે ઉદ્યોગ કે જેઓ પોતે સમસ્યા ઊભી થવા માટે જવાબદાર છે તેમને ફરિયાદ કરવી અથવા તો મોટા કેસમાં પોલીસનો સંપર્ક કરવામાં આવે છે. અમુક પ્રદેશોમાં  જ્યાં અસરગ્રસ્ત લોકો એકત્રીત, સંગઠીત થયેલા હોય ત્યાં એન.જી.ઓ. કે દાવાઓ કે ઉચ્ચ સ્તરીય વકીલાત માટે વકીલોનો સહયોગ હોય શકે છે.એ કહેવાની જરૂર નથી કે પેરાલીગલ આ પ્રયાસોથી ઉકેલ મળવાનાં અંત પર હોય તેવા કેસનાં બદલે એવા કેસને જ પ્રાથમીકતા આપે છે કે જ્યાં આ પ્રયાસોથી ઉકેલ થઈ ના રહ્યો હોય.

મુખ્ય ફરિયાદ, ભૂતકાળમાં એકત્ર કરેલા પુરાવાઓ, સંસ્થાકીય સંપર્ક, વ્યૂહરચનાનો ઉપયોગ અને પરિણામોને સમજવા માટે અસરગ્રસ્ત લોકો દ્વારા કરવામાં આવેલ ભૂતકાળનાં પ્રયાસોનું દસ્તાવેજીકરણ ખૂબજ મહત્વનુ છે.  આ ડેટા પેરાલીગલને ઉકેલ મેળવવા માટેનાં રસ્તાઓનું ચીત્રણ કરવામાં મદદ કરે છે. એ સમજવામાં પણ મદદરૂપ થાય છે કે કઈ પદ્ધતિ ભૂતકાળમાં સફળ નિવડી અને કઈ નહી તેમજ કઈ પદ્ધતિ વર્તમાન સમયમાં કારગર નિવડશે કે નહી નિવડે. કામનાં પુનરાવર્તન અને સ્ત્રોતને વેડફવામાંથી બચાવવામાં મદદરૂપ થાય છે. ભૂતકાળમાં કરવામાં આવેલા કાર્ય અને સંલગ્ન ડેટાનો અને દસ્તાવેજનો અસરકારક ઉપયોગ કરવાનો લાભ પણ લઈ શકે છે.

પેરાલીગલ આ માહિતી સ્થળ મુલાકાત અને ભૂતકાળનાં પ્રયાસોમાં કાર્યરત કાર્યકરો સાથે વાત કરીને મેળવે છે.



અસરગ્રસ્ત સમુદાયનાં પ્રતિનીધી સાથે વાર્તાલાપ કરતા પેરાલીગલ, વાપી, ગુજરાત

## પ્રોબ્લેમ સ્ટેટમેન્ટ ઘડવુ

પ્રોબ્લેમ સ્ટેટમેન્ટ એ એક અથવા બે વાક્યમાં સમસ્યાનાં કારણનું વર્ણન છે. પેરાલીગલ દ્વારા અસરગ્રસ્ત સમુદાયો દ્વારા ભોગવવામાં. આવી રહેલ અસરનું સંક્ષીપ્ત વર્ણન કરતા પ્રોબ્લેમ સ્ટેટમેન્ટ બનાવવામાં આવે છે. કાયદાનાં જ્ઞાન સાથે પેરાલીગલ આ સમસ્યા અને એક કે વધારે ઉલ્લંઘનો કે પર્યાવરણીય અપાલન સાથેનાં સંબંધને પ્રસ્થાપીત કરે છે. કોણ કાયદાનું ઉલ્લંઘન કરે છે, અસર માટે જવાબદાર કોણ છે તે પણ પ્રસ્થાપીત કરે છે.

અસર, અપાલન માટે જવાબદાર ચોક્કસ હયાતી કે જેનાં પર વહીવટી પગલાઓ લઇ શકાય તેનાં સ્પષ્ટ વર્ણન સાથે પ્રોબ્લેમ સ્ટેટમેન્ટ ઘડવુ, કેસમાં આગળ વધવુ ખૂબજ જટીલ છે. આ સ્ટેટમેન્ટ પેરાલીગલ અને સામુદાયીક સહભાગીદારોને સમસ્યાનાં સંદર્ભમાં જરૂરી પુરાવાઓ એકત્ર કરવામાં, સૌથી વિશ્વાસપાત્ર સંસ્થાનો સંપર્ક કરવામાં અને ઉત્તમ શક્ય હોય તેવા ઉકેલ મેળવવા માટે મદદરૂપ થાય છે.



પ્રોબ્લેમ સ્ટેટમેન્ટ ઘડવામાં કાર્યરત પેરાલીગલ પ્રોજેક્ટ ટીમ મેમ્બર- મ્યાનમાર






દરિયા કીનારા પર નો ડેવલોપમેન્ટ ઝોન, ગુજરાત

પ્રોબ્લેમ સ્ટેટમેન્ટ ઘડવુ

### કોસ્ટલ રેગ્યુલેશન ઝોનમાં (સી.આર.ઝેડ.) જોખમકારક રસાયણ સંગ્રહ

કચ્છમાં એક પર્યાવરણીય ન્યાય પેરાલીગલ દ્વારા એક કેસ પર કામ કરવામાં આવેલ "સી.આર.ઝેડ. –એન.ડી.ઝેડ. માં આવનાર જોખમકારક રસાયણ પ્લાન્ટ દ્વારા જવાબદાર કંપની દ્વારા મીઠા પોર્ટ પર વસવાટ કરતા લોકોનાં આરોગ્ય અને જીવનને જોખમમાં મૂકવામાં આવ્યુ" જેનું પ્રોબ્લેમ સ્ટેટ હતુ. આ પ્રોબ્લેમ સ્ટેટમેન્ટમાં સ્પષ્ટ પણે એક સાથે યોજનાનો પ્રકાર, ગેરકાયદેસર સ્થાન અને તેની સંભવિત અસર મૂકવામાં આવેલ છે. કોસ્ટલ રેગ્યુલેશન ઝોન (સી.આર.ઝેડ.) એ ભારતનાં દરિયા કીનારા પર જ્યાં વિકાસ કાર્યને નિયંત્રીત કરવામાં આવેલ છે તેવો સીમાંકીત વિસ્તાર છે.સી.આર.ઝેડ.માં આવેલ નો-ડેવલોપમેન્ટ ઝોન (એન.ડી.ઝેડ.) એ એવો વિસ્તાર છે જ્યાં કોઇ પણ વિકાસ કાર્યને પ્રતિબંધીત કરવામાં આવેલ છે. સ્ટેટમેન્ટ યોજનાનાં સ્થાન જે કાયદાકીય રીતે પ્રતિબંધીત વિસ્તારમાં છે તેનાં તરફ અને સમૂદાય જે સૌથી વધારે આ યોજનાથી પ્રભાવિત થશે તેનાં અંગે નિર્દેશ કરે છે.

**પેરાલીગલ જો તેમનાં પ્રયાસોમાં સફળતા મેળવવી હોય તો કામ માટે કેસની પ્રાથમિકતા નક્કી કરવા માટે "ચીલ ફેકટર" નો કે પાંચ માપદંડોનો ઉપયોગ કરવો મહત્વનો છે.**

## સામુદાયીક સહભાગીદારો અથવા અસીલ

કેસમાં સામુદાયીક સહભાગીદાર કે અસીલ હોય છે. આ લોકો મુખ્યત્વે સમાન સમસ્યાથી પીડાતા અસરગ્રસ્ત લોકોનાં સમૂહ હોય છે. આ સમૂહ સામુહીક રીતે પેરાલીગલ સાથે મળીને સમસ્યાનાં ઉકેલ માટે કટીબધ્ધ હોય છે.

## ઇતીહાસ

પ્રાથમીક ધોરણે એવા કેસ પસંદ કરવામાં આવે છે જેમાં અસરગ્રસ્ત સમુદાયો દ્વારા કોઇ પણ પ્રકારનાં ઉકેલ માટે પોતાની રીતે પ્રયાસ કરેલા હોય. તે એન.જી.ઓ.ની મદદ દ્વારા, કોર્ટ દ્વારા કે અન્ય કોઇ પણ અર્થપૂર્ણ રીતથી હોય શકે છે. આપાતકાલીન સ્થિતી,આફત, અથવા ચોક્કસ રીતે જટીલ, કે અપવાદરૂપ બાબતો જેવી સ્થિતી માં અપવાદ હોય શકે છે.

## પ્રભાવ

જે કેસમાં અસરગ્રસ્તોની સંખ્યા, અથવા તો લાભ પામનારા લોકોની સંખ્યા જેવા કેસમાં પ્રભાવ મોટા બહોળા પ્રમાણમાં હોય તેવા કેસને પ્રાથમિકતા આપવામાં આવે છે.

## સ્થળ

જે કેસ પસંદ કરવામાં આવે છે તે પેરાલીગલનાં કાર્યક્ષેત્ર કે સ્થાનિક વિસ્તારનાં પસંદ કરવામાં આવે છે જેથી પેરાલીગલ નિયમીત રીતે અસરગ્રસ્ત સમુદાયનાં સંપર્કમાં રહી શકે અને સ્થળ મુલાકાત તેમજ મીટીગ અનુસરી શકે.

## કાયદાકીય સંલગ્નતા

જે કેસમાં સીધી રીતે કોઇ કાયદાકીય જોગવાઇઓ સંલગ્ન ના હોય તેવા કેસનાં બદલે એવા કેસ પસંદ કરવામાં આવે છે જેમાં સમસ્યાનાં ઉકેલ માટે કાયદાકીય સંલગ્નતા (સમસ્યા ઉલ્લંઘન, કાયદાનાં અપાલન, વહીવટી કાર્યપ્રણાલી કે અદાલતી હુકમનાં કારણે પરિણમી હોય) હોય.જો કે અમુક પરિપ્રેક્ષમાં કાયદાકીય સહાયતા ના હોય છતા પણ તેને પ્રાથમિકતા આપવામાં આવે છે જ્યારે તેનો હેતુ આ કેસ દ્વારા એકત્રીત કરવામાં આવેલ પુરાવાઓનો ઉપયોગ કરીને નવા કાયદાની ભલામણ / કાયદાકીય જોગવાઇઓ અથવા ઉપલબ્ધ કાયદામાં સુધારાઓ માટે કરવાનો હોય .





# 3.2 કેસ દસ્તાવેજીકરણ

દરેક કેસનું દસ્તાવેજીકરણ એ પેરાલીગલનાં કામનું ખૂબજ મહત્વનું પાસુ છે. દરેક કેસ માટે કેસ ટ્રેકીગ ફોર્મ છે, જેમાં પેરાલીગલ તેની દરેક કામગીરીની નોંધ કરે છે.કેસ ફોર્મનાં અંતમાં કાર્ય નોંધમાં કામગીરી અને સ્પષ્ટતાની વિગત નોંધવામાં આવે છે. કેસ ફોર્મ અને કાર્ય નોંધમા કેસ ઉકેલવા માટે કરવામાં આવેલ કાર્યને દરેક સમયે નોંધવામાં આવે છે. કાર્યનાં પરિણામને પણ નોંધવામાં આવે છે.

આદર્શ રીતે, કરવામાં આવેલ કાર્ય અને તેની કેસ ફોર્મ અને કાર્ય નોંધમાં નોંધણીમાં એક દીવસ કરતા વધારે સમય પસાર થવો જેઇએ નહી. કેસની પસંદગીથી તેનાં પૂર્ણ થવા સુધી દસ્તાવેજીકરણ થવુ જરૂરી છે. એ મહત્વનું છે કે, પેરાલીગલ આ કાર્ય માટે પોતાનાં કામનાં સમયમાંથી પદ્ધતિસર રીતે પુરતો સમય ફાળવે.

## કેસ ટ્રેકીગ ફોર્મ

કેસ ટ્રેકીગ ફોર્મ અસરગ્રસ્ત સમૂહ વિશે, સમસ્યાની વિગત વિશે, સામુદાયીક સહભાગીદારો અથવા અસીલનાં સમૂહ વિશે, ઉકેલ મેળવવા માટે સામુદયીક સહભાગીદારો કે અસીલ, પેરાલીગલ દ્વારા શું પગલા ભરવામા આવ્યા તેની માહિતી વિશે ની માહિતીની નોંધ કરવામાં મદદ કરે છે. જવાબદાર સતાઓ દ્વારા આ કાર્યને કેવો પ્રતિસાદ આપવામાં આવ્યો અને તેનાં અનુસરણ માટેનાં આયોજનને પણ નોંધવામાં આવે છે.

## કેસ ટ્રેકીગ ફોર્મ નીચે મુજબનાં ઉદ્દશ્યો પુર્ણ કરે છે.

1 જો સૂચવવામાં આવ્યા મુજબ ભરવામાં આવેલ હોય તો કેસ ટ્રેકીગ ફોર્મ કેસ પસંદગી અને ઉકેલ માટેનાં પગલાઓ મુજબની પ્રક્રીયા પુરી પાડે છે.

2 પેરાલીગલને કેસનું સમાધાન મેળવવા માટે કયા રસ્તા અનુસરવા / કયા પગલા ભરવા અંગે પસંદગી માટેનો પ્રથમ સમૂહ પુરો પાડે છે.

3 કેસ ટ્રેકીગ ફોર્મ પેરાલીગલને કેસ બંધ કરવાનાં સમયે તે / તેણીનાં કાર્ય અને તેનાં ઉકેલ પર પ્રતિભાવ આપવામાં મદદરૂપ થાય છે.

4 કેસટ્રેકીગ ફોર્મ એ પેરાલીગલ દ્વારા કરવામાં આવેલ કાર્યનાં મૂલ્યાંકન કરવા માટે તેમજ આ કેસને વધારે સારુ કેવી રીતે કરી શકાય તે શીખવા માટે આધારભૂત છે.

5 કેસ ટ્રેકીગ ફોર્મ કાયદા સંદર્ભે, તેનાં અમલીકરણ, તેનાં પરિણામ,તેવી જ રીતે સમુદાય પર અને ઉકેલ જે તેઓ ઇચ્છે છે તેની અસરો અંગે વિવિધ નિતી વિષયક સંદેશા માટે પુરાવાઓ ઘડવા માટેનાં કેસની માહિતીનો સંપતીનો સંપુટ છે.


Case Tracking Form- Environment Justice Program 2017
ELC Name/Code:
District/Taluka:
Case No. & Title
Complaint Registration Date: / /
Closure Date: / /
Verification Date: / /
after 3 months of date of end of
# Male
# Female
Information about Community Partners (CP)
Name of the Community Partner (CP) Group (if any- eg. Durga Self Help Group, Jampani Panchayat, Sagar Fishermen Association)
CP Type
Community
Women's group
Panchayat
Any Other
Repeat from earlier cases:
Repeat from ongoing cases:
(Attach a list of name, address & phone no. of all CPs Mention # CP who are repeat CPs in the adjacent coloumn
Livelihood/Occupation (give numbers in the space provided)
Agriculture
Fisheries
Salt
NMFP collector
Fish Trader
Government Employee
Professional
NTFP collector
Self Employed
Student
Unemployed
Any other:
How did the CP know about the ELC?Training/Referral/Any other
Why did the CP approach the ELC? Lack of time/Lack of resources/Seeks support in visiting institutions/Don't know how else to pursue the case/Any other

કેસ ટ્રેકીગ ફોર્મ એ કેસની પસંદગી અને ઉકેલને લગતી માહિતી ધરાવતો દસ્તાવેજ છે. કેસ ફોર્મનું ફોર્મેટ https://namati.org/resources/cases-form-environmental-justice-india/ વેબસાઇટ પરથી ડાઉનલોડ થઇ શકસે.

આ ફોર્મેટ આપનાં કામનાં સંદર્ભમાં અને કેસનાં પ્રકારનાં આધાર પર બદલી શકાય છે.

## પેરાલીગલ કાર્ય નોંધ

પેરાલીગલ જ્યારે કેસ માટે કોઇ પણ કાર્ય કરે તે દરેક સમયે કાર્ય નોંધ ભરે છે. કાર્ય નોંધ સારી રીતે શક્ય હોય તેવી રીતે વિગતવાર ઘટનાક્રમ મુજબ ભરવામાં આવે છે (તારીખ પ્રમાણે). દસ્તાવેજ એકત્રીકરણ, ઓફીસર કે સમુદાય સાથેની મીટીંગ કે માહિતી અધિકાર અધિનીયમ (આર.ટી.આઇ.) અંતર્ગત કરવામાં આવેલ અરજીની વિગત સાથેનાં દરેક કાર્યની નોંધ કરવામાં આવે છે. (સરકારી માહિતી મેળવવા માટેનો અધિકાર આપતા કાયદાઓ અલગ અલગ દેશમાં ઉપલબ્ધ છે અને શક્ય છે કે તેનાં નામ અને અવકાશ પણ અલગ અલગ હોય શકે છે. ભારતમાં માહિતી મેળવવાનાં અધિકારનાં કાયદાને માહિતી અધિકાર અધિનીયમ ૨૦૦૫) કહેવામાં આવે છે. કાર્યની નોંધ સાથે દસ્તાવેજોની નકલ જેવા કે, અધિકારીક મીટીંગની મીનટસ, આર.ટી.આઇ. અરજીની નકલ અને પ્રત્યુતરની નકલો કાર્ય નોંધ સાથે જોડવી જોઇએ. કરવામાં આવેલ કામગીરી અંગેનાં પુરાવાઓ કોઇ પણ સમયે સંદર્ભ માટે એક જ જગ્યા પર ઉપલબ્ધ છે તે સુદ્રઢ કરે છે.



ગુજરાત પેરાલીગલ દ્વારા દીવસ –દીવસની નોંધ સાથેની કાર્ય નોંધ





પદ્ધતિસરનું દસ્તાવેજીકરણ પેરાલીગલને જ્યારે જરૂર પડે તેમનાં કેસને રજુ કરવામાં મદદરૂપ થાય છે.

## કેસ ફાઇલ

પેરાલીગલ કેસ ટ્રેકીંગ ફોર્મ, કાર્ય નોંધ, કામગીરીનાં સંપૂર્ણ દસ્તાવેજી આધારો અને કેસને સહાયક અન્ય દસ્તાવેજ રાખવા માટે દરેક કેસ માટે અલગ ફાઇલ બનાવે છે. કેસ ફાઇલ કેસનાં અભ્યાસ, તેની પ્રગતિ, અને કેસ માટે કરવામાં આવેલ પ્રયાસોને સમજવા માટે ખૂબ જ મહત્વની છે.

### સાવચેતીઓ!

જ્યારે માહિતી સંવેદનશીલ હોય અને નામ કે અન્ય માહિતી જાહેર કરવામાં જોખમ હોય તેવી બાબતમાં માહિતીને સાંકેતીક કરવા કે કેસફોર્મને અનામી રાખવા સાથેનાં ઉચ્ચ સ્તરીય પગલાઓ લેવામાં આવે છે.

કોઇ એવી માહિતી હોય કે જેના અંગે કેસ ફોર્મમાં કોઇ જોગવાઇ ના હોય, તેવી બાબતમાં. પેરાલીગલ વધારાની શીટ લઇને કેસટ્રેકીંગ ફોર્મ સાથે જોડીને માહિતીની નોંધ તેમાં કરી શકે છે.

પેરાલીગલે લાગુ પડતા દસ્તાવેજ જેવા કે, અસરગ્રસ્ત સમુદાયો દ્વારા રજુ કરવામાં આવેલા જુના કોર્ટ દાવાઓ અને ફરિયાદો, કેસ કે સમસ્યા અંગે સમાચાર પત્ર અહેવાલ, પરવાનગીનાં પુરાવાઓ, પરવાનગી રદ્દ અથવા અસ્વિકારની નોટીસ, કોર્ટ ઓર્ડર વગેરે શક્ય હોય તેટલી માહિતી એકત્રીત કરવી જોઇએ. દરેક દસ્તાવેજની નકલ કરીને મુખ્ય દસ્તાવેજ તેનાં માલીકને પાછા આપી દેવા ઉત્તમ છે.આ દસ્તાવેજોની નકલો કેસટ્રેકીંગ ફોર્મ સાથે રાખી શકાય.

કેસ ફોર્મમાં કોઇ પણ ખાનું કે પ્રશ્ન ખાલી મૂકવો નહી, જો તે લાગુ પડતુ ના હોય તો ખાલી મૂકવા કરતા તેની નોંધ કરી દેવી જ ઉત્તમ. જો જવાબ આપી શકાય તેવો ના હોય તો “કહી શકાય તેમ નથી” કે “માહિતી નથી” એમ દર્શાવવુ.



# 3.3 કેસ વિશ્લેષણ અને કાર્યવાહી

તપાસ અને લાગુ પડતી માહિતી એકત્રીત કરવાથી, પેરાલીગલ કેસની હેતુપૂર્વકની સમજ કેળવે છે. તેમાં વારંવારની સમસ્યાનાં સ્થળની મુલાકાત, જે સમસ્યાની સ્થિતી અને વિગતો વિષે માહિતગાર હોય તેવા સમુદાયો, વ્યક્તિઓ સાથે વાતચીત, સમાચાર પત્ર, ટેલીવીઝન સમાચાર અહેવાલની તપાસ અને સંલગ્ન કાયદાઓ અને નિતીઓનાં વાંચનનોં સમાવેશ હોય શકે છે.

અમુક કેસોમાં જ્યારે એક સ્તર પર વધારે માહિતી ઉપલબ્ધ થાય છે, પ્રોબ્લેમ સ્ટેટમેન્ટમાં બદલાવ કરવાની જરૂર પડે છે. નવી માહિતીનાં આધાર પર પ્રોબ્લેમ સ્ટેટમેન્ટમાં બદલાવ કરવો અને પુનઃવિચાર કરવો એ સારી કાર્યપ્રણાલી છે અને ક્યારેય પણ સામુદાયીક સહભાગીદારો/અસીલ અને પેરાલીગલની અસફળતાનો ભાગ સૂચવતુ નથી. એકત્રીત કરેલી માહિતી નાં આધાર પર પેરાલીગલ વ્યૂહરચના વિકસાવે છે અને કેસમાં ઉકેલ માટે સંપર્ક સાધવા માટેની સંસ્થાની ઓળખ કરે છે.

**કેસ વિશ્લેષણ**

## કોસ્ટલ રેગ્યુલેશન ઝોન (સી.આર.ઝેડ.) માં જોખમકારક રસાયણ સંગ્રહ

પાના નં ૧૯ પરનાં પેરાલીગલનાં કેસનાં અનુસરણમાં, જ્યારે તેમણે લોકો સાથે વાત કરી ત્યારે તેમણે શોધ્યુ કે સંગ્રહ પ્લાનનું બાંધકામ સી.આર.ઝેડ. માં થઇ રહ્યુ છે અને જેનાથી સ્થાનિક લોકો પ્રભાવિત થઇ રહ્યા છે. સ્થળ મુલાકાત સમયે તેમનાં ધ્યાનમાં આવ્યુ કે પ્લાનની હદમાં એક શાળા પણ આવેલી છે અને જેથી તે મીઠા પોર્ટનાં રહેવાસીઓની સાથે સાથે શાળાનાં બાળકોનાં જીવન માટે પણ જોખમ ઉભુ કરે છે. આ કેસનાં પ્રભાવમાં નોંધપાત્ર રીતે વધારો કરે છે. તેમણે એ પણ માહિતી મેળવી કે ભૂતકાળમાં સ્થાનિકો દ્વારા જીલ્લા કલેક્ટર સમક્ષ પણ સમસ્યાની રજુઆત કરવામાં આવેલી.

આ કેસમાં પ્રોજેક્ટ અંગેની માહિતી એકત્રીકરણ દ્વારા એક અગત્યની દોરવણી મળી.જ્યારે પેરાલીગલ એન્વાયર્નમેન્ટ ક્લીયરન્સનું વાંચન કર્યુ ત્યારે તેમનાં ધ્યાનમાં આવ્યુકે પ્રોજેક્ટનું સ્થળ એપ્લીકેશન અને આપવામાં આવેલ એન્વાયર્નમેન્ટ ક્લીયરન્સમાં આપવામાં આવેલ છે તે મુજબ વાસ્તવીક સ્થળ કે જ્યાં પ્રોજેક્ટ આવી રહ્યો છે તનાં કરતા અલગ છે. જો કે, હવે આ કેસ માત્ર સી.આર.ઝેડ. ઉલ્લંઘનનો ના રહેતા પરંતુ ખોટી માહિતી દ્વારા એન્વાયર્નમેન્ટ ક્લીયરન્સ મેળવવા અંગેનો પણ છે.



સી.આર.ઝેડ. કાયદાનું ઉલ્લંઘન કરીને નો-ડેવલોપમેન્ડ ઝોન પર રસાયણ સંગ્રહણ યોજના. ગુજરાત



બોકસાઇટના પ્લાન્ટમાંથી આવતા રજકણોની શાકભાજીની વાડી પર થતી અસર અંગેની તપાસ કરતા પેરાલીગલ. ગુજરાત

પેરાલીગલ કેસનાં ઉકેલ માટે ઘણીબધી વ્યૂહરચનાનો ઉપયોગ કરે છે અને એક કેસમાં એક કરતા વધારે વ્યૂહરચનાનો પણ ઉપયોગ કરી શકે છે. આ વ્યૂહરચનામાં  હકીકતો અંગેની જાણકારી, નોટીફીકેશન, સરકારી પરિપત્રો/ હુકમો અને કોર્ટનાં ચૂકાદાઓ / હૂકમ કે જે કેસ સાથે સંબંધ ધરાવતા હોય. પેરાલીગલ સામુદાયીક સહભાગીદારો/ અસીલને કાયદા, કાયદાકીય પ્રક્રીયા અને સમસ્યા સામે લડવા માટેનાં વિકલ્પો કેસનાં પ્રકારનાં આધાર પર સલાહ આપવા માટે પ્રશિક્ષીત હોય છે. પેરાલીગલ કેસમાં સાંકળવામાં આવેલા કાયદાઓ, સંપર્ક કરવા માટેની સંસ્થાઓ અને સમસ્યાનાં ઉકેલ અંગેનાં રસ્તાઓ અંગે સામુદાયીક સહભાગીદારો/અસીલો સાથે ચર્ચા કરે છે.

આ ચર્ચાને અનુસરીને સામુહીક રીતે તેઓ કેસનાં સામાન્ય પરિણામ મેળવવા માટે કામની યોજના બનાવે છે. આ કાર્ય યોજના આ વિભાગમાં વર્ણવવામાં આવેલી વિવિધ પૂરક વ્યૂહરચનાના સમન્વયનો સમાવેશ કરે છે.



## કાયદા વિષયક જાગૃતિ

સમસ્યાનાં મૂળભૂત કારણો તપાસવા અને ઓળખવા તેવી જ રીતે સમસ્યાનાં ઇચ્છીત ઉકેલ માટે અસરગ્રસ્ત સમુદાયોની જાણકારી સાથેની ભાગીદારી ઉભી કરવા માટે કાયદાકીય તાલીમો ઉપયોગી રહે છે. અન્યાયને રોકવા કે તેનો ઉકેલ મેળવવા સંબંધીત કાયદાઓ અંગે સમુદાયોનાં જ્ઞાનનું ઘડતર કરવુ એ કાયદાકીય સશક્તિકરણનાં હૃદય સ્થાને છે.દાખલા તરીકે ઉત્તર કન્નડા, કર્ણાટકા (ભારત) માં સ્થાનિક માછીમારોમાંથી પેરાલીગલનો ઘણા લોકો દ્વારા વ્યક્તિગત રીતે સંપર્ક કરવામાં આવ્યો.તેઓ દ્વારા દરિયા કીનારા પર તેમનાં ઘરનાં બાંધકામ માટેની પરવાનગી મેળવવા માટે પેરાલીગલની મદદ માંગવામાં આવેલી. પ્રથમ પાંચ-છ કેસમાં પેરાલીગલ દ્વારા તેમનાં સામુદાયીક સહભાગી દારો/અસીલોને સી.આર.ઝેડ. ક્લીયરન્સ મેળવવામાં અને ફોર્મ ભરવામાં પેરાલીગલ દ્વારા મદદ કરવામાં આવી. સમુદાયમાં ઘણા લોકોને સમસ્યા છે/હોય શકે છે તેવી સમજણ થતા, ટીમ દ્વારા કાયદાની જાગૃતિ ઉભી કરવાનો નિર્ણય કરવામાં આવ્યો. માછીમાર સમુદાયને ઘર બાંધકામ માટે સી.આર.ઝેડ. ક્લીયરન્સ મેળવવા માટેની પ્રક્રીયા અંગે જાગૃત કરવા માટે પેરાલીગલ દ્વારા વાંચન સામગ્રીની વહેંચણી કરવાનુ શરૂ કરવામાં આવ્યુ. આ પ્રક્રીયા અંગેની જાગૃતિ વધવાથી પેરાલીગલ એ વધારે ઘર બાંધકામ માટે ક્લીયરન્સ મેળવવાનાં કેસ લેવાની જરૂરીયાત ના રહી. તેનાં બદલે, તેઓ નવા સામુદાયીક સહભાગીદારો/અસીલોને ટેલીફોન પર માર્ગદર્શન કરીને મુદ્રીત વાંચન સાહિત્ય સૂચવે છે. પેરાલીગલ ત્યારે જ સામુદાયીક સહભાગીદારો/અસીલો સાથે સી.આર.ઝેડ. ઓફીસ જાય છે જ્યારે તેમનાં કેસમાં બીજી કોઇ ગૂંચવણો હોય.



પેરાલીગલ કાયદાની સમજ આપતા પોસ્ટર લગાવી રહ્યા છે.

# માહિતી એકત્રીકરણ અને પુરાવાઓ ઉભા કરવા

પેરાલીગલ દ્વારા આવરવામાં આવેલા કેસમાં માહિતી એકત્રીકરણ અને પુરાવાઓનું નિર્માણ કરવુ એ ખૂબ જ મહત્વનું કાર્ય છે. પેરાલીગલ અને સામુદાયીક સહભાગીદારો પાસે ઉલ્લંઘનો / અપાલન અંગેનાં પુરાવાઓ અને કેસની વિગતવાર માહિતી હોવાથી સરકારી તંત્ર, ભૂલ કરનાર પક્ષ પ્રચાર માધ્યમો કે સમુદાયો પેરાલીગલ અને સામુદાયીક સહભાગીદારોને ગંભીરતા પૂર્વક લેવામાં આવશે. તેઓ માહિતી અને પુરાવાઓનું એકત્રીકરણ ફોટોગ્રાફ, નકશાઓ, ગ્લોબલ પોજીશનીગ સિસ્ટમ (જી.પી.એસ.) અક્ષાંશ, રેખાંશ, સરકારી પરીપત્રો, સમાચાર પત્ર / ટેલીવિઝન અહેવાલ, અને શૈક્ષણીક / સરકારી પત્રો / અભ્યાસો, / અહેવાલ વગેરે સ્વરૂપે કરી શકે છે.એકત્રીત પુરાવાઓ એ સાબિત કરવા માટે સક્ષમ હોવા જોઇએ કે થઇ રહેલ પ્રભાવ ચોક્કસ કાયદાનાં ઉલ્લંઘન કે અપાલનનાં કારણે છે. કારણભૂત સંબંધ દર્શાવવો જોઇએ. જમીની સત્ય ચકાસણી એ પર્યાવરણીય ન્યાયીક ફરિયાદનાં સહયોગમાં સ્પષ્ટ પુરાવાઓ નિર્માણ માટેની પદ્ધતિ છે.

અમુક કેસ કે જેમાં અસર સામે દર્શાવવા માટે કોઇ કાયદાકીય ધોરણો કે પાલનની બાબત નથી, તેવા કેસમાં નૂકશાન કે ઇજાનાં પુરાવાઓ શક્ય હોય તેટલી સત્ય હકીકતો સાથે રજુ કરવા જોઇએ, જેથી જવાબદાર સંસ્થામાં ફરિયાદ નોંધાય શકે.



નદીકીનારા પર આવેલી કાચા લોખંડની ખાણમાંથી નિકળતા કચરાની અસર દર્શાવતી મહીલા, ઓડીસા

*પુરાવા નિર્માણ અંગે વધારે માહિતી માટે ગ્રાઉન્ડ ટ્રૂથીગ મેથડોલોજી ડાઉનલોડ કરો*
*નોંધ: https://namati.org/wp-content/uploads/2016/06/Groundtruthing-methodology-note.pdf*



ખાણ અસરનાં અસરગ્રસ્તો સાથે પેરાલીગલ અને સામુદાયીક સહભાગીદારોની મીટીગ, ઓડીશા

# વિચારશીલ ચર્ચાઓ

પેરાલીગલ અસરગ્રસ્ત સમુદાયો માટે કામ કરવાનાં બદલે તેની સાથે કામ કરે છે. સમસ્યાનો ઉકેલ મેળવવો એ લક્ષ નથી પરંતુ સમુદાયમાં કાયદાની સમજ અને સમસ્યાનાં ઉકેલ મેળવવા માટેની કૂશળતા વિક્સાવવાનું લક્ષ છે. આ શિક્ષણ માત્ર સામુહીક રીતે કામ કરવાથી જ મેળવી શકાય છે. કેસ અંગેનું દરેક કાર્ય વિચારશીલ પ્રક્રીયા દ્વારા ચર્ચવામાં આવે છે, જેમ કે વિમર્શનાં પરિણામે કેસમાં આગળ કઇ રીતે વધવુ તેનો નિર્ણય કરવામાં આવે.

અસરકારક અને સંબધીત વિમર્શ માટે પેરાલીગલ સામુદાયીક સહભાગીદારો / અસીલનાં સમૂહને કેસ ની પૃષ્ઠભૂમિ, વિવિધ ઉકેલનાં શક્ય રસ્તાઓ અને નવી દરેક માહિતી જે તે / તેણી પ્રાપ્ત કરવા માટે સક્ષમ હોય તે અંગેની જરૂરી માહિતી પૂરી પાડે છે. સામુદાયીક ભાગીદારો અથવા અસીલોનું સમૂહ રજુ કરવામાં આવેલી માહિતી પર વિમર્શ કરે છે અને વિવિધ કાર્યનાં પક્ષમાં અને વિપક્ષમાં ચર્ચા કરે છે. આ વિમર્શ એવી તટસ્થ જગ્યાએ રાખવામાં આવે છે જ્યાં બધા જ હોય તો અસરગ્રસ્તોની મહત્તમ ભાગીદારી થઇ શકે.ચર્ચા એકલ સંભાષણ, આદેશ, અતિશયોક્તિવાળા ભાષણોની જગ્યાએ ચર્ચા, સારા વિચારો રજુ કરતી દલીલોને પ્રોત્સાહીત કરવામાં આવે છે. આ ચર્ચા વિચારણા સમુદાયનું જ્ઞાન વધારવા તેવી જ રીતે સમસ્યા, સંભવિત સમાધાન અથવા ઉકેલ અને ઉપલબ્ધ વિકલ્પોની કીમત અને ફાયદાઓ પર ચર્ચા કરવાની ક્ષમતા વિકસાવવા માટે અત્યંત મહત્વપૂર્ણ છે.આ ચર્ચા વિચારણા દ્વારા પેરાલીગલ વિમર્શ અથવા સહભાગી લોકશાહીની પ્રક્રીયાનું નિદર્શન કરે છે.



લીકેજ પાઇપલાઇનની તપાસ કરતા પ્રદૂષણ નિયંત્રણ બોર્ડનાં અધિકારીઓ સાથે પેરાલીગલ, ગુજરાત

## સત્તાઓ અને સંસ્થાઓનો સંપર્ક સાધવો

પેરાલીગલ તેમનાં અસીલ કે સામુદાયીક સહભાગીદારને સંસ્થાઓ જેવી કે પર્યાવરણ વિભાગ, રેવન્યુ ઓફીસ, જીલ્લા કલેક્ટર કચેરી કે માછીમાર વિભાગ જેવી સંસ્થાઓ સુધી પહોંચવામાં મદદ કરે છે. આ મદદ ઓફીસનું સ્થળ શોધવુ, ઓફીસ સમય કે તેની સંપર્ક માટેની માહિતી અંગેની હોય છે. તે પત્રો લખવામાં, ફરિયાદનું લખાણ કરવામાં, આર.ટી.આઇ. અરજીઓ કરવામાં ઓફીસ મુલાકાત અને ફોન પર સંપર્ક કરવામાં સહભાગી બની શકે છે. સમય સાથે અને જ્ઞાન અને કૂશળતાનાં વિકાસ સાથે આ સહાયમાં પણ ઘટાડો આવી શકે છે, માત્ર સંપર્કની માહિતી અને સંદર્ભ આપવાથી જ ઉદ્દેશ્યની પૂર્તિ થઇ શકે છે. સામાન્યત: નજીકની શક્ય હોય તેવી સંસ્થાઓમાં ઉકેલ માટે પ્રયાસ કરવો જોઇએ (જો ક્યારેય પ્રયાસ જ ના કર્યો હોય તો), દા.ત. પંચાયત જેવી ગ્રામ્ય સ્તરીય/સ્થાનીય માળખાઓ અને નગરપાલીકાનો પ્રથમ સંપર્ક કરવો જોઇએ, અનુક્રમે તાલુકો, જીલ્લો, રાજ્ય અને બાદમાં રાષ્ટ્રીય સ્તરે.જો કે, પ્રભાવ અને સમસ્યાનાં અવકાશ આધારીત છે અથવા તો ચોક્કસ વ્યૂહાત્મક કારણોસર, ક્યારેક ઉચ્ચસ્તરીય સંસ્થાઓનો સંપર્ક કરવો વધારે ઉપયોગી થાય છે.

એવી સંસ્થાઓનો કાયદો કે જે દેખીતી રીતે પસંદગીમાં ના હોય કે સીધી રીતે સમસ્યા કે તેનાં ઉકેલ માટે જવાબદાર ના હોય તેમનાં દ્વારા પણ સમાધાન શક્ય છે.દા.ત. છીપલા એકત્ર કરનારા લોકોનો વિમો સુરક્ષીત કરવા માટેનાં કેસમાં, માછીમારી વિભાગનાં બદલે માનવ સંશાધનો, લઘમતી અને મહીલા અને બાળ વિકાસ સાથે કામ કરતા વિભાગનો સંપર્ક કરવામાં આવ્યો. તેવી જ રીતે, પાઇપલાઇનની અસરને સાંકળવા માટે પાઇપલાઇનને લગતા ચોક્કસ જમીન અધિગ્રહણ કાયદાને અસરમાં લાવવામાં આવ્યો.

## સંસ્થાકીય સહયોગીઓની ઓળખ

કેસનાં પ્રારંભીક સ્તર પર ઉકેલ માટે મદદરૂપ થઇ શકતી સંસ્થાઓની ઓળખ કરી લેવી કેસનાં સમાધાનમાં મદદરૂપ થાય છે. આ સંસ્થાઓ સીધી રીતે સમસ્યા માટે કારણભૂત/સમસ્યાને અવગણતી સંસ્થા કરતા અલગ છે. તેમ છતા આ કોઇ ચોક્કસ સમુદાય કે લોક સમૂહનાં કલ્યાણ માટે જવાબદાર હોય શકે છે. દા.ત. માછીમારી વિભાગ, મહીલા અને બાળ કલ્યાણ વિભાગ અથવા આદીજાતિ મંત્રાલય. એવો પણ સમય હોય શકે છે કે જ્યારે કોઇ સંસ્થાનાં અધિકારક્ષેત્ર પર કેસનો પ્રભાવ હોય સંસ્થા દ્વારા કેસને બોર્ડ પર લાવવામા આવે છે. દા.ત. નગરપાલીકા દ્વારા ગેરકાયદેસર રીતે જંગલ જમીન/દરિયાઇ જમીન પર કચરો ઠાલવવો આજુબાજુનાં ગામનાં લોકો પ્રતિકુળતા ઊભી થવા ઉપરાંત વન વિભાગ કે કોસ્ટલ ઝોન મેનેજમેન્ટ જેમનાં પણ અધિકાર ક્ષેત્રમાં ગેરકાયદેસર કચરો ઠાલવવામાં આવે છે તેમનાં માટે સમસ્યા બની રહે છે.અમુક સંસ્થાઓ કેસમાં સહયોગી તરીકે કામ કરે છે અને કેસનાં ત્વરીત અને સરળ ઉપાય માટે મદદરૂપ થાય છે.

જ્યારે ભારતમાં કાર્યમાં અમુક સંસ્થાઓનો ઉપયોગ કરવામાં આવે છે, ઘણીબધી સંસ્થાઓ છે કે જેનો ઉપયોગ પેરાલીગલ કરી શકે છે.

- પંચાયત
- મામલતદાર ( સ્થાનીક લેન્ડ રેવન્યુ અધિકારી )
- જીલ્લા કલેક્ટર
- જીલ્લા સ્તરીય કોસ્ટલ કમીટી
- વન વિભાગ
- ફીશરીઝ વિભાગ
- પ્રાદેશીક કે રાજ્ય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ
- પ્રાદેશીક કે સ્ટેટ કોસ્ટલ ઝોન મેનેજમેન્ટ ઓથોરીટી
- પર્યાવરણ, વન અને જલવાયુ પરિવર્તન મંત્રાલય



હવા પ્રદૂષણ અંગે ફરિયાદ લખાણ માટે સામુદાયીક સહભાગીદારો સાથે કામ કરતા પેરાલીગલ, છતીસગઢ

## અરજી/ફરિયાદ લેખન

બીજુ અગત્યનું કામ અસીલો / સામુદાયીક સહભાગીદારો સાથે મળીને અરજી / ફરીયાદનું લેખન કરવુ છે. આ કામને સંસ્થાનો સંપર્ક કરતા પહેલાનું પૂરોગામી કાર્ય તરીકે પણ જોઇ શકાય. તેમાં પ્રારંભીક સ્તર પર પેરાલીગલને વધારે કામ કરવાની જરૂર પડી શકે છે.જો કે, એકવાર અસીલ કે સામુદાયીક સહભાગીદારો પત્ર લેખનની આવડત કેળવી લે, પેરાલીગલ એ માત્ર તેમને પત્રનાં આધારનાં ઘડતર માટે વિષય વસ્તુ અને કાયદાકીય માહિતી જ આપવી પડે છે. ઉત્તર કન્નડામાં પેરાલીગલની મદદથી એક ગામનાં રહેવાસીઓ દ્વારા નજીકની ટેકરી પર નગરપાલીકા દ્વારા ફેંકવામાં આવતા ઘન કચરા અંગે અરજી કરવામાં આવેલી. આ કચરાનાં ઢગલાનાં કારણે આજુબાજુનાં વિસ્તાર અને જળ સ્ત્રોતોને પ્રદૂષીત થયેલા અને રોગચાળો ફેલાવવાનું જોખમ ઉભુ થયેલુ.

કેસનાં કે સમુદાયને અસર કરતી સમસ્યાનાં ઉકેલ માટે લખવામાં આવેલ પત્રો લાક્ષણીક રીતે પ્રોબ્લેમ સ્ટેટમેન્ટ, સમસ્યાનો પ્રકાર અને ઇતિહાસની અને તેઓ જે લોકો તેનાથી અસરગ્રસ્ત છે તેની વિગતનો સમાવેશ કરવામાં આવે છે. આ અવલોકનોને પ્રસ્થાપીત કરવા માટે ઘડવામાં આવેલા કે એકત્રીત કરવામાં આવેલા પુરાવાઓનો પણ સમાવેશ કરવામાં આવે છે. અંતે સમસ્યાનાં ઉકેલ માટે સંસ્થા પાસેથી ક્યા પ્રકારની કાર્યવાહીની માંગણી છે તેનો પણ સમાવેશ કરવામાં આવે છે. ઘણી પરિસ્થિતીમાં પેરાલીગલ અને સામુદાયીક સહભાગીદારો/અસીલો દ્વારા પ્રથમ પગલા તરીકે માત્ર સમસ્યાને પ્રસ્થાપીત કરવા કે સંસ્થા દ્વારા સમસ્યાની ઓળખ કરવા માટે કેસમાં આગળ વધવા માટનો નિર્ણય કરવામાં આવે છે, અને ત્યારબાદ જ કેસનાં અનુગામી સ્તર પર ભલામણો, માંગણી કે સમાધાનનો સમાવેશ કરવામાં આવે છે. *એનેક્ષર-૨ માં આપેલ ફરિયાદ પત્રનો નમૂનો જૂઓ.*





પેરાલીગલ અને સામુદાયીક સહભાગીદાર તેમની ફરિયાદનાં આધાર પર સ્થાનિક સત્તા દ્વારા પાઠવવામાં આવેલ પ્રત્યુતર વાંચી રહ્યા છે, કર્ણાટકા

## સ્થાનિક પ્રચારમાધ્યમોમાં અહેવાલ

પેરાલીગલ ઉલ્લંઘનો અને તેની અસર અંગેનાં કેસ બાબતે પ્રચારમાધ્યમોમાં અહેવાલ કરી શકે છે.તેમ છતા, આ કાર્યનો નિર્ણય સંદર્ભનાં આધાર પર લેવામાં આવે છે. ક્યારેક પ્રચારમાધ્યમોમાં અહેવાલ સંબંધિત સત્તાને અકળાવે છે અને વિરોધી બનાવે છે અથવા તો તેનાં માટે કારણભૂત બને છે. અન્ય સ્થિતીમાં પ્રચાર માધ્યમ અસરગ્રસ્ત લોકો તરફથી સંબંધીત સંસ્થાઓ પર દબાણ ઉભુ કરવામાં ઉપયોગી નિવડે છે અને ઝડપી અને શ્રેષ્ઠ ઉકેલ તરફ દોરી જાય છે.પ્રચારમાધ્યમનો સંપર્ક કરવો એવી પરિસ્થિતીમાં લાભદાયક નિવડે છે જ્યારે તેઓ એક વારનાં કવરેજ કરવાનાં કરતા સમસ્યા અંગે પ્રચાર માધ્યમોનું લક્ષ કેન્દ્રીત કરવાની ઇચ્છા ધરાવતા હોય. પેરાલીગલને તેમનાં કેસ અંગે પ્રચારમાધ્યમોમાં લખવા માટે ખૂબજ વ્યવસ્થિત રીતે તૈયાર કરવામાં આવેલા છે.




લેન્ડફીલ સાઇટ કેસ અંગેનો સમાચારપત્ર અહેવાલ, કર્ણાટકા

# મધ્યસ્થી

પેરાલીગલ સમાધાન માટે અસ્વિકૃતિ / સંઘર્ષ ધરાવતા બે કે વધારે પક્ષોને સમાધાન પર પહોંચવા માટે મદદ કરી શકે છે.મધ્યસ્થિ એ વાટાઘાટ કે પ્રતિનિધીત્વની રીતથી અલગ છે. જ્યારે મધ્યસ્થિ કરવામાં આવે છે ત્યારે કોઇ એકની તરફેણ ના કરી બન્ને પક્ષોને સંતુલીત સમાધાન રજુ કરવાનો પ્રયાસ કરવામાં આવે છે. વાટાઘાટ કે પ્રતિનિધીત્વમાં કોઇ એક દ્વારા પહેલેથી જ પક્ષ પસંદ કરવામાં આવેલ હોય છે, કોઇ એક પસંદગીનાં પક્ષ તરફથી બીજા પક્ષને સમાધાન રજૂ કરવા માટે હોય છે. જો દર્શાતુ હોય કે સમસ્યા માટે કારણભૂત પક્ષ બાબતને ઉકેલવા માટે જવાબદાર છે તો મધ્યસ્થિ એ સમાધાન મેળવવા માટેનો સસ્તો અને ઝડપી માર્ગ બની શકે છે. ભૂલ કરનાર પક્ષને શંકાનો લાભ આપે છે અને સમસ્યા કે પરિસ્થિતી પુનઃવત કરવા કે સુધારવા માટેની તક આપે છે.ઉત્તર કન્નડામાં એક ઇંડા-સેવન ગૃહ (હેચરી) દ્વારા એક ક્રીક બંધ કરવામાં આવેલી.આ સી.આર.ઝેડ. નોટીફીકેશનનું ઉલ્લંઘન હતુ અને બાંધકામ આસપાસનાં ક્ષેત્રમાં પાણીનાં પ્રવેશને અવરોધતુ હતુ. પેરાલીગલ દ્વારા ઇંડા-સેવન ગૃહનાં માલીક અને જેમનાં ખેતર પ્રભાવિત થતા હતા તેમની વચ્ચે મુલાકાત કરાવવામાં આવી. ઇંડા-સેવન ગૃહનાં માલીકને આ બાબતે ખેડુતો કંઇ વિરોધ નોંધાવશે તેવી અપેક્ષા ના હતી. જ્યારે તેમને જ્ઞાત થયુ કે ખેડુતો સી.આર.ઝેડ. ઓફીસમાં ફરિયાદ કરવા અંગે વિચારી રહ્યા છે તેઓ બાંધકામ દૂર કરી ક્રીક ચોખ્ખી કરવા માટે તૈયાર થઇ ગયા.

મૂશ્કેલ કે ગંભીર અપવાદરૂપ કેસમાં પેરાલીગલ કેસને વકીલને સોંપે છે, જે ઉકેલ મેળવવા માટે દાવાનો ઉપયોગ કરી શકે. અન્ય ઘણી રીત છે જેનો ઉપયોગ પોતાની સર્જનશીલતા અને સંદર્ભની અનુકૂળતાનાં આધાર પર કરી શકે છે.



હાલમાં જ બનેલા છીપલા સંગ્રાહકોનાં જૂથની મીટીંગ સંયોજીત કરતા પેરાલીગલ, કર્ણાટકા





ક્ષેત્ર નોંધનો ઉપયોગ કરી કેસ વ્યૂહરચના ઘડવામાં કાર્યરત પેરાલીગલ, ઓડીશા

## સાવચેતી!

સમસ્યા કે અસરનાં પ્રકાર, ઉકેલ માટે કરવામાં આવેલ દરેક પ્રયત્ન અને તેની અસફળતા અંગેની સંપૂર્ણ સમજ એ દરેક કેસમાં પગલાઓનું આયોજન કરવા માટેની પૂર્વશરત છે.

પેરાલીગલ દ્વારા કાર્ય આયોજન (કામગીરી દરમ્યાન કોઇ પણ બદલાવ) એ અસીલ કે સામુદાયીક સહભાગીદારો સાથે ચર્ચા બાદ જ નક્કી કરવામાં આવેલ છે તે સુનિશ્ચિત કરવુ જોઇએ.

પરિણામ લાવવા માટે એક જ વ્યૂહ રચના પર આધારીત ના રહી વ્યૂહ રચનાનાં સંયોજન કે સમાન રીતે એક કરતા વધારે વ્યૂહ રચનાનો ઉપયોગ કરવાની સલાહ છે. જો કે સમય પર અમલદારશાહી અને રાજકીય પરિસ્થિતીની માંગ તેનાં સિવાયની પણ હોય શકે છે.

જેટલુ શક્ય હોય ત્યાં સુધી સંસ્થાકીય સંપર્ક સામુદાયીક સહભાગીદારો / અસીલોની સંપૂર્ણ સામેલગીરી દ્વારા જ કરવો જોઇએ. ઉદાહરણ તરીકે, તૈયાર કરેલ પત્ર / અરજીને અંતીમ રૂપ આપતા પહેલા તેઓની સાથે ચર્ચા કરવી જોઇએ અને તેમનાં દ્વારા મોકલાવવુ જોઇએ, ફોન પર સંપર્ક તેમની હાજરીમાં જ કરવો જોઇએ, અને ધીમે ધીમે સમુદાયનાં સભ્યો દ્વારા કેસ સંદર્ભે દરેક મુલાકાત કે ફોન કરવાની જવાબદારી સ્વિકારી લેવી જોઇએ.

કાર્ય આયોજન બદલાવી શકાય તેવુ અને પરિવર્તનક્ષમ હોવુ જોઇએ; પેરાલીગલ, સામુદાયીક સહભાગીદાર અને સાથી કાર્યકર્તાને જોખમમાં મૂકે તેવી વ્યૂહરચનાને ટાળવી જોઇએ.

સમસ્યા ઉકેલનાં દરેક કાર્યમાં સામુદાયીક સહભાગીદાર કે અસીલનું સામેલ હોવુ ફરજીયાત છે.



કયોંઝર, ઓડીશામાં સામુદાયીક સહભાગીદાર અને પેરાલીગલનાં પ્રયાસો હવા પ્રદૂષણ માટે કારણભૂત ખનીજ પરિવહનમાં સુધારામાં પરિણમ્યા.













